# આગામી દિવસોમાં સળંગ રજાઓ મીની વેકેશનનો માહોલ રહેશે

ગાંધીનગર, તા.૫

તહેવારોની ઉજવણીના દિવસો હવે નજીક આવી રહ્યા છે. હિન્દુ ધર્મના મોટા તહેવારો જેવા કે રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, બેસતુ વર્ષ હવે પછીના મહિનાઓમાં જ ઉજવાશે. અન્ય ધર્મના તહેવારો પણ આગામી દિવસોમાં જ ઉજવાશે ત્યારે આ તહેવારોના કારણે સળંગ ત્રણ, ચાર કે પાંચ રજાઓનો લાભ મળતો હોય તેવા સંજોગો રચાયા છે. સરકારી કર્મચારીઓ આ સળંગ રજાઓનો લાભ લઈ મીની વેકેશન પર જવા થનગની રહ્યા છે.

હાલમાં વિવિધ વ્રત ઉપવાસોની સિઝન ચાલી રહી છે. દશામાનું વ્રત હમણાં જ પુરું થયું. આગામી રવિવારે રક્ષાબંધન છે. વળી તેના આગલા દિવસે બીજો શનિવાર હોવાથી સરકારી કચેરીઓમાં રજા છે. રક્ષાબંધનની ઉજવણી કરવા બહારગામ જવા ઈચ્છતા કર્મચારીઓ આ બે રજાઓની આસપાસ એકાદ-બે રજા મુકી દે તો સળંગ ત્રણ ચાર દિવસની રજાનો લાભ મળી શકે છે. તેવી જ રીતે તેના પછીના અઠવાડિયામાં શુક્રવારે સ્વાતંત્ર્ય દિવસની રજા છે,. રવિવારે જન્માષ્ટમી અને સોમવારે સરકારી કચેરીઓમાં પારસી નુતન વર્ષની રજા છે. આમ માત્ર એક દિવસ ૧૬મીએ શનિવારે રજા મુકી દેવામાં આવે તો સળંગ ચાર દિવસની રજાનો ખુબ સરસ મેળ પડી જાય તેમ છે. સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમના તહેવારોની ઉજવણી ખૂબ ધામધૂમથી કરવામાં આવતી હોવાથી તે વિસ્તારના રહેવાસીઓ-કર્મચારીઓ વતનમાં જવાની પુરેપુરી તૈયારી કરી રહ્યા છે.

ઓકટોબર માસમાં પણ રજાઓનો આવી જ રીતે સરસ મેળ પડી રહ્યો છે. ૨જી ઓકટોબરે ગાંધી જયંતિની રજા છે. ૩જીએ દશેરાની ઉજવણી થશે. ૪થીએ શનિવાર છે, ૫મી તારીખે રવિવાર અને ૬ તારીખે બકરી ઈદની ઉજવણી કરવામાં આવશે. આમ એકાદ-બે રજા મુકી સળંગ પાંચથી છ રજાનો લાભ મળી શકે છે. તે પછી ૨૩ થી ૨૮મી ઓકટોબર દરમિયાન દિવાળીની રજાઓનો લાભ મળી શકે છે.



**વરસાદી પાણીનો નિકાલ - ગાંધીનગરની પરંપરાગત રીત-રસમ પુનઃ જીવીત થઈ છે...** ગાંધીનગરમાં જ્યારે વરસાદી પાણીના નિકાલની ગટરલાઈન સાથેના જોડાણ સાથેની પાઈપલાઈન નહોતી ત્યારે માર્ગની બંને બાજુ 'નીક' કરી પાણીને વહેવડાવાતું હતું... અભિગમ સરળ અને અનુકરણિય છે... પરંતુ એ પાણી દિવસો સુધી ભરાયેલું રહે તો મચ્છરોના ઉપદ્રવની શક્યતા એટલી જ છે... બંને સારા-નરસા પાસાઓની વચ્ચે આજકાલ ગાંધીનગરના આંતરિક માર્ગો પર આ દૃશ્યો જોવા મળે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે... ...ખાંચરેથી

- ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા યોજાઈ રહેલ 'પ્રવેશોત્સવ'ના કાર્યક્રમમાં આવતીકાલે અમદાવાદની ગુજરાત કોલેજમાં યોજાયેલ સમારંભમાં અતિથિવિશેષ પદે ગાંધીનગરના જાણીતા વક્તા અને કોલમીસ્ટ શ્રી મનોજ શુક્લ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધિત કરશે.
- પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાનો આજે જન્મ દિવસ હતો.
- પ્રસિદ્ધ કથાકાર સંતશ્રી મોરારીબાપુ સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં ગાંધીનગર આવી રહ્યા છે.
- 'વાણિયા ભગવાનના ભાણિયા' નામક નાટક આર્ટલવર્સ ગ્રુપના સભ્યો માટે ત્રણ દિવસ સળંગ ૧૨ ઓગસ્ટથી ટાઉનહોલમાં રજુ થશે.
- આજે ગાંધીનગર મેડીકલ કોલેજમાં એનેસ્થેસિયાના ડીપ્લોમાં અભ્યાસક્રમ માટે ઈન્સ્પેક્શન ટીમ આવી રહી છે.
- આજે જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના આગેવાનો મુલાકાતે આવ્યા હતા.
- સે.૩ સાઈબાબા મંદિર ખાતે સ્વાતંત્ર્ય દિને બાળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું છે.
- આવતીકાલે પ્રેસ અકાદમી તથા જિલ્લા માહિતી કચેરી દ્વારા મહિલા સશક્તિકરણ પર સેમિનાર યોજાશે.



લીલોતરીમાં સૂકાયેલું વૃક્ષ - આનંદ, ઉલ્લાસની વચ્ચે એક નિરાશ ચહેરો જોવાનું થાય એવી જ આ તસવીર છે... ગાંધીનગરમાં ચારેય તરફ લીલોતરી-લીલોતરી છે... ત્યારે કોઈ અગમ્ય કારણોસર વૃક્ષ સૂકાઈ ગયું... જાણે વરસાદથી નારાજ બની ગયું હોય, કોઈ રોગચાળાથી પિડીત હોય એવું આ વૃક્ષ આપણા સૌની લાગણીઓને હચમચાવે છે... બે વધુ વૃક્ષ ઉગે એ આનંદનો વિષય છે... પણ ઉગેલું વૃક્ષ સૂકાઈ નહિ એ આપણા સૌની ચિંતા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# રાંદેસણની પડતર જમીન એન.એસ.જી.ને ફાળવવાની હીલચાલ સામે ઉગ્ર વિરોધ

### પર્યાવરણ, પશુઓ, ખેતી અને વિકાસના પરિબળો જોખમાય તેવી દહેશત : ગ્રામજનો આંદોલન કરશે

ગાંધીનગર, તા.૫

રાંદેસણ ગામની પડતર જમીન નેશનલ સિકયુરીટી ગાર્ડના એકમને ફાળવવાની હીલચાલ સામે ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે ગ્રામજનોએ મામલતદાર સમક્ષ રજૂઆત કરી છે જયારે આ મામલે ન્યાય નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની રાહ અપનાવાશે તેવી ચમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર નજીક સ્થિત રાંદેસણ ગામની પડતર જમીન નેશનલ સિકયુરીટી ગાર્ડના પ્રાદેશિક એકમ માટે ફાળવવા વિચારણા હાથ ધરાઈ છે. બીજી તરફ હીલચાલ સામે અત્યારથી જ ગ્રામજનોમાં ઉગ્ર વિરોધ પ્રવર્ત્યો છે. રાયસણ અને રાંદેસણના ગ્રામજનોએ આ અંગે મામલતદાર સમક્ષ રજૂઆતમાં જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ગુડાની રહેણાંક ટીપી સ્કીમ અને ગીફટ સીટી જેવો વિકસિત ભાગ છે. પડતર જમીન ફાળવી દેવાય તો ઢોરઢાંખરે ભૂખે મરવાનો વારો આવે તેમ છે જયારે આ જમીન એકમ માટે ફાળવવામાં આવે તો પ્રશ્નોનું નિકંદન વળવાની સાથે પર્યાવરણને નુકશાન થાય તેમ છે. પ્રદુષણની સમસ્યા ઉદભવવાની સાથે ખેડૂતોએ મહામુલી જમીન પાણીના ભાવે વેચવાનો વારો આવશે. રહેણાંક વિસ્તારમાં લોકોની સુખાકારીમાં દખલો ઉભી થશે.

આ નિર્ણયથી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગીફટસીટીને પણ માઠી અસર થાય તેમ છે. અગ્રણી વકીલ શંકરસિંહ ગોહીલે રજૂઆતમાં જણાવ્યા મુજબ આ હીલચાલ સામે રાંદેસણ તેમજ આસપાસના રાયસણ, શાહપુર, કોબા અને રતનપુર સહીતના ગ્રામજનોમાં વિરોધ પ્રવર્ત્યો છે. આ મામલે ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# સે-૨૧ સ્થિત જ્વેલર્સમાં બંટી-બબલીનો હાથફેરો

### નજર ચૂકવીને સોનાની બુટ્ટી-પેન્ડલ ઉઠાવી લઈ યુવક-યુવતી ફરાર : સીસીટીવી કેમેરામાં કેદ



ગાંધીનગર,તા.૫

ગાંધીનગર શહેરના સે-૨૧ ખાતે સ્થિત કંગન જવેલર્સ નામના શો-રૂમમાં ગઈ કાલે બંટી-બબલીએ દાગીના ખરીદવાના બહાને -વેશ કરીને નજર ચૂકવી દાગીના સેરવી લીધા હોવાની ઘટના બનવા પામી હતી. શો-રૂમમાંથી રૂ.૪૮ હજારની મત્તાના સોનાના દાગીનાનો હાથફેરો કરતા બંટી-બબલી શો-રૂમના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. શો-રૂમ માલિકની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને કેમેરાના ફૂટેજ મેળવી તપાસનો દોર શરુ કર્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે-૨૧ ડીસ્ટ્રીક્ટ શોપિંગમાં આવેલા કંગન જવેલર્સ શો-રૂમમાં ગઈ કાલે સાંજે ૫ થી ૬ વાગ્યાના અરસામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષના એક યુવક અને એક યુવતી દાગીના ખરીદવાના બહાને આવ્યા હતા. શો-રૂમમાં -વેશીને ગ્રાહકની માફક બધા દાગીના જોયા. એક પછી એક સોનાના દાગીના વેપારી તેમને બતાવી રહ્યા હતા. આ દરમિયાન એક સોનાની બુટ્ટી અને

● અનુસંધાન પાન-૭ પર

# નરોડા પાટિયા કેસમાં બાબુ બજરંગીને હાઈકોર્ટના જામીન

### આંખની સારવાર માટે જામીન અપાયા : દોષિત જાહેર-સજાનો સામનો કરી રહેલા બાબુ બજરંગીને ૧૬મી ઓગસ્ટ સુધી જામીન : શરતી જામીન મળી ગયા

અમદાવાદ, તા.૫

નરોડા-પાટીયા હત્યાકાંડમાં દોષિત અને જીવે ત્યાં સુધી કેદની સજા પામેલા વિશ્વ હિન્દુ પરિષદના નેતા બાબુ બજરંગીને આંખની સારવાર કરાવવા ગુજરાત હાઈકોર્ટ તરફથી વચગાળાના જામીન મળી ગયા છે હાઈકોર્ટે ૯મીથી ૧૬મી ઓગસ્ટ સુધીના વચગાળાના જામીન મંજુર કર્યા છે.

વ૫શ ૨૦૦૨માં થયેલ ગોધરા હત્યાકાંડ બાદ રાજ્ય સહિત અમદાવાદ શહેરના નરોડા-પાટીયા વિસ્તારમાં કોમી રમખાણો ફાટી નિકળ્યા હતા આ કોમી નરસંહારમાં લઘુમત્તી સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવવામાં આવયા હતા. જેમાં ૯૮થી વધુ લોકો માર્યા ગયા હતા. આ કેસમાં વિહિપ નેતા બાબુ બજરંગીને સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટના જજ ડો. જયોત્સના યાજ્ઞિકે જીવે ત્યાં સુધી કેદની સજા ફટકારી હતી. ત્યારથી માંડી બાબુ બજરંગી જેલવાસ ભોગવી રહ્યા છે. વચ્ચે પિતાના અવસાન વખતે વચગાળાના જામીન આપ્યા હતા અને હવે ગુજરાત હાઈકોર્ટે બાબુ બજરંગીના તમામ મેડિકલ રિપોટર્સને ધ્યાનમાં રાખીને આંખની સારવાર માટે ૯થી ૧૬ ઓગસ્ટ સુધીના જામીન મંજુર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બાબુ બજરંગીની એક આંખે વિઝન જતું રહ્યું છે અને જો સારવાર ન થાય તો બીજી આંખ પણ ગુમાવવાનો વારો આવે તેવી તબીબોએ મત વ્યક્ત કર્યો છે. બાબુ બજરંગીને જામીન આપવામાં આવ્યા બાદ તેમના સમર્થકોને પણ રાહત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ માયાબેન કોડનાનીની સજાને લઈને પણ આદેશ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતની કુ. લજ્જા ગોસ્વામીને મુખ્યમંત્રીશ્રીના શુભેચ્છા આશીર્વાદ



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની કોમનવેલ્થ ગેઈમ્સમાં શૂટીગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ વિજેતા ગુજરાતની કુ. લજ્જા ગૌસ્વામીએ મૂલાકાત લઈ આશીર્વાદ -ાપ્ત કર્યા હતા.

શ્રીમતી આનંદીબહેન પટેલે કુ. લજ્જાની આ સિધ્ધિને મહિલા સશકિતકરણની આગવી સિધ્ધિ--તિષ્ઠા ગણાવતાં કુ. લજ્જાને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપી હતી.

# ગાંધીનગર ડેપોનો ડીઝલ પમ્પ એક વર્ષ બાદ પુનઃ શરૂ કરાયો

### ડીઝલના જથ્થાબંધ અને રીસેલ ભાવમાં સમાનતા આવતા પ્રશ્ન હલ થયો : ડેપોમાં રોજ ૫ હજાર લીટર ડીઝલનો વપરાશ

ગાંધીનગર, તા. ૫

ડીઝલના જથ્થાબંધ અને રીટેલ ભાવમાં સમાનતા આવતા ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ડીઝલ ડેપો પુનઃ શરૂ કરી દેવાયો છે. જેના પરિણામે એક વર્ષ બાદ એસ.ટી. બસોમાં હવે ડેપોના ડીઝલ પમ્પમાંથી જ ડીઝલ પુરવાનું શરૂ કરી દેવાયું છે. ભાવ વધારાના લીધે અત્યાર સુધી એસ.ટી. બસો ખાનગી પમ્પો પર ડીઝલ રીફીલ કરાવવા માટે જતી હતી. ગાંધીનગર ડેપોની બસોમાં રોજ ૫ હજાર ડીઝલનો વપરાશ છે.

અગાઉ ડીઝલના જથ્થાબંધ ભાવમાં ઉછાળો આવતા એસ.ટી. નિગમે ડીઝલ ખરીદી માટે ફરવાનો વારો આવ્યો હતો. જથ્થાબંધ અને રીટેલ ભાવમાં ૬ થી ૭ રૂપિયાનો તફાવત હોવાથી એસ.ટી. નિગમે જથ્થાબંધ ડીઝલ ખરીદી બસો દોડાવવાનું મોંઘુ પુરવાર થયું હતું. જ્યારે રીટેઈલ ભાવમાં નહીવંત તફાવત રહેતો હતો. આવા સંજોગોમાં એસ.ટી.ની બસો ખાનગી પેટ્રોલ પંપ પર ડીઝલ રીફીલ કરાવતી નજરે પડતી હતી. ગાંધીનગર ડેપોની બસોમાં પણ આ જ પ્રગતિ મુજબ ખાનગી પમ્પ પરથી ડીઝલ રીફીલ કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ હવે ડીઝલના જથ્થાબંધ અને રીટેલ ભાવમાં સમાનતા જોવા મળતા ડેપોને જથ્થાબંધ વપરાશમાં ભાવની દૃષ્ટીએ આર્થિક ફટકો સહન કરવો પડતો નથી. જેને ધ્યાને લઈ ગાંધીનગર ડેપોમાં છેલ્લા એક વર્ષથી બંધ ડીઝલ પમ્પ શરૂ કરી દેવાયો છે. હાલ ડેપોની બસોમાં રોજ ૫ હજાર ડીઝલનો વપરાશ છે જે મુજબ દર બે દિવસે ૧૨ હજાર લીટરનું ડીઝલ ખરીદવામાં આવે છે.






# મુખ્યમંત્રીશ્રીની મુલાકાતે વિયેતનામ પ્રતિનિધિ મંડળ

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે વિયેતનામ રાષ્ટ્રના થાન્હ હોઆ -ાંતની પીપલ્સ કમિટીના વાઈસ ચેરમેન શ્રીયુત ગ્નુયેઈન દિન્હ ગઝંગના નેતૃત્વમાં ૧૩ સભ્યોના -તિનિધિમંડળે મૂલાકાત લીધી હતી. આ -તિનિધિમંડળ ગુજરાતમાં આંતરમાળખાકીય સુવિધા વિકાસ તેમજ પેટ્રોકેમિકલ્સ, ઔદ્યોગિક મૈત્રીપૂર્ણ વાતાવરણ અને વિદેશી ઘોગ રોકાણકારોને આકર્ષિત કરતી બેસ્ટ -ેકટીસીસ-વ્યવસ્થાપનના અભ્યાસ અને જાણકારી મેળવવા ગુજરાતના -વાસે આવેલું છે.

મુખ્યમંત્રીશ્રીએ વિયેતનામ જેવા -માણમાં નાના રાષ્ટ્રએ પાછલા વર્ષોમાં અનેક વિપદાઓનો સામનો કરવા છતાં પણ વિકાસની જે ગતિ પકડી છે અને ઝડપી વિકસતા રાષ્ટ્ર તરીકે ખ્યાતિ મેળવી છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રીમતી આનંદીબહેન વિયેતનામમાં કૃષિ ક્ષેત્રે ફૂડ-ોસેસિંગ વિષયક વિકાસની નવી તરાહ જાણવામાં ઉત્સુકતા દર્શાવી હતી.

ગુજરાતના કૃષિવિકાસ તેમજ ખાંડસરી ઘોગ સહિત આર્થિક ઉન્નતિના શ્રેષ્ઠ અનુભવોના પરસ્પર આદાન--દાન માટે શ્રીયુત ગ્નુયેઈન દિન્હ ગઝંગ ના વડપણના -તિનિધિમંડળે પણ રસ દાખવ્યો હતો.


**જોઈએ છે**

૧-સહાયક હિસાબનીસ કોમર્સ અનુસ્નાતક / સ્નાતક, કોમ્પ્યુટર જાણકાર

ઉપરોક્ત જગ્યાની ભરતી માટે ફક્ત સ્ત્રી ઉમેદવારોએ નીચેના સરનામે પ્રમાણપત્રોની નકલ સાથે દિન દસમાં અરજી મોકલવી.

સ્થળ : સંચાલકશ્રી, મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર,
વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર, સેક્ટર-૨૨,
દેનાબેંક સામે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૨૨૩



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯



SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | Dr. FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com